આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

જે ઘરમાં માબાપ મહેમાન એ ઘરમાં રાજી નહી રહે ભગવાન
- મોરારિ બાપુ

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૬૧ | ૨ ડિસેમ્બર, ૨૦૧૩, સોમવાર; કારતક વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

250g મીલી પત્તી, ભૂકી અને દાણાદાર ચા સાથે
આકર્ષક સ્નેક્સ (નાસ્તા) બોક્ષ ફ્રી
*conditions apply
વધુ માહીતી માટે (Call) 079-66066246

# વાતાવરણ પલ્ટાના પગલે રવિપાકની વાવણીમાં વિલંબ

## રવિ સીઝનમાં વાવણીના દિવસો લંબાય તેવી શંકા : આંધ્રના વાવાઝોડાથી પલ્ટાયેલા વાતાવરણે ખેડૂતોના ઉત્સાહ પર બ્રેક મારી

ગાંધીનગર, તા. ૧

આંધ્રપ્રદેશમાં આવેલા વાવાઝોડાને પગલે જિલ્લામાં પલ્ટાયેલા વાતાવરણને પગલે રવિ સીઝનની વાવણીમાં ગતિ ધીમી પડી જવા પામી છે. જિલ્લામાં હજુ ઘઉં, રાયડો તેમજ અન્ય પાકોની વાવણીની સીઝન ૧૦ દિવસ સુધી લંબાય તેવી શક્યતા છે.

શિયાળાની ઠંડી એક તરફ જામી રહી હતી તેથી રવિ સીઝનની વાવણીનો ખેડૂતોમાં માહોલ જામ્યો હતો. પરંતુ તાજેતરમાં આંધ્રપ્રદેશમાં આવેલ વાવાઝોડાને કારણે પવનની દિશા પલ્ટાતાં વાતાવરણમાં બદલાવ જોવા મળ્યો છે. આથી ખેડૂતો વિમાસણમાં મુકાઈ ગયા છે અને ખેતીની કામગીરી ધીમી કરી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં વીસથી બાવીસ હજાર હેક્ટરમાં જ વાવેતર થયું છે. ઘઉંનું વાવેતર હજુ વધવાની શક્યતા છે. પરંતુ ઠંડીનું પુનરાગમન થાય તેની ખેડૂતો રાહ જોઈ રહ્યા છે.

બીજી તરફ ઘઉંના બિયારણની કૃત્રિમ તંગી પણ ઉભી થઈ રહી છે. વિશ્વસનીય બિયારણનો જથ્થો મંડળીઓમાં નહિ હોવાથી ખેડૂતોને ખુલ્લા બજારમાંથી ખરીદવાની નોબત આવી છે.

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

કેન્ડલ માર્ચ - વિશ્વ એઈડ્સ દિને લોકજાગૃતિ માટે ગાંધીનગરના રાજમાર્ગ ઉપર કેન્ડલ માર્ચ યોજાઈ હતી... ગાંધીનગર નેટવર્ક ઓફ પીપલ્સ લીવીંગ વીથ એચ.આઈ.વી. એન્ડ એઈડ્સ ચેરીટેબલ ટ્રસ્ટ કેર એન્ડ સપોર્ટ સેન્ટર અને ઈન્ડીયન રેડક્રોસના સંયુક્ત ઉપક્રમે ઘ-૪થી ચ-૪ માર્ગ ઉપર કેન્ડલ રેલી યોજાઈ હતી. જેમાં શહેરના ૫૦૦થી વધુ યુવક-યુવતીઓ હાથમાં મીણબત્તી લઈ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. રેલીના અંતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે યોજાયેલ સભામાં એઈડ્સ જાગૃતિ અંગે માહિતપ્રદ પ્રવચન યોજાયું હતું.

## પાંચ રાજ્યોના પરિણામો બાદ ભાજપ ચૂંટણી પ્રચાર વેગીલો બનાવશે

ગાંધીનગર, તા. ૧

પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ પૂરી થતાં હવે આગામી ડિસેમ્બરથી લોકસભા ચૂંટણી માટે ભાજપ દ્વારા ચૂંટણી પ્રચારને વધુ વેગીલો બનાવવામાં આવશે.

દેશના પાંચ રાજ્યની વિધાનસભા ચૂંટણીના પરિણામો આગામી સપ્તાહમાં જાહેર થનાર છે. આ ચૂંટણીના પરિણામો આગામી લોકસભા ચૂંટણી માટે ભાજપ કોંગ્રેસનું ભાવી નક્કી કરશે. આ વિધાનસભા ચૂંટણીઓ બન્ને પક્ષો માટે અગ્નિ પરીક્ષા સાબીત થનાર છે. જો આ વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ભવ્ય વિજય મળશે તો આગામી લોકસભા ચૂંટણી કોંગ્રેસ માટે જીતવી કપરી બનશે.

પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ ગુજરાત સહીત સમગ્ર દેશમાં ભાજપ તેનો ચૂંટણી પ્રચાર વેગીલો બનાવશે અને આગામી લોકસભા ચૂંટણીમાં સૌથી વધુ બેઠકો જીતવા માટેની વ્યુહરચના ભાજપ દ્વારા ઘડી કાઢવામાં આવશે.

પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામો પર તમામ રાજકીય પક્ષો અને દેશની નજર મંડાયેલી છે. આ ચૂંટણી જંગ જીતવા ભાજપ અને કોંગ્રેસે એડીચોંટીનું જોર લગાવ્યું છે. હાલમાં પાંચ રાજ્યોમાંથી ત્રણ રાજ્યોમાં કોંગ્રેસની સત્તા છે જ્યારે મધ્યપ્રદેશમાં ભાજપની સત્તા છે. વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ શાસીત રાજ્યો પાસેથી સત્તા આંચકવા ભાજપે એડીચોટીનું જોર લગાવ્યું છે. તો આ રાજ્યોમાં સત્તા ટકાવી રાખવા કોંગ્રેસ પણ કોઈ કસર છોડી નથી.

ચૂંટણી પરીણામો જો કોંગ્રેસની વિરૂદ્ધમાં આવશે તો ભાજપ તેનો ફાયદો ઉઠાવવા આગામી લોકસભા ચૂંટણી માટેના પ્રચારને વધુ વેગીલો બનાવશે. તેમાં ખાસ કરીને ગુજરાતમાં તમામ ૨૬ બેઠકો જીતવા ભાજપ પુરી તાકાત લગાવશે.

## મનપામાં ઝોનલ કચેરીઓની ઈ-કનેક્ટીવીટી માર્ચ સુધીમાં સ્થપાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકા આગામી માર્ચ સુધીમાં તેની ઝોનલ કચેરીઓ સાથે કોમ્પ્યુટર કનેક્ટીવીટીથી જોડી અને ઈ-ગર્વનન્સની દિશામાં મહત્વનું કદમ ભરશે.

મહાનગરપાલિકા દ્વારા હવે ઝોનલ કચેરીઓમાં ઈ-ગર્વનન્સ પ્રથા દાખલ કરી વેરા વસુલીમાં પણ અસરકારક બનાવવા માટે આગળ વધી રહી હોવાના નિર્દેશ મળી રહ્યા છે.

કોમ્પ્યુટર કનેક્ટીવીટી માટેનો સંપૂર્ણ તખ્તો તૈયાર કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત ઝોનલ કચેરીઓ પણ આગામી બે ત્રણ માસમાં ધમધમતી થઈ જાય તે રીતે આખુ આયોજન આખરી તબક્કામાં છે.

કોર્પોરેશનના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સ્ટાફ પેટર્ન મંજૂર થયેલી છે તે પૈકી કેટલીક કેડરના કર્મચારીઓની ઉપલબ્ધિ આગામી એકાદ માસમાં થઈ જશે. આ પછી બીજી સ્ટાફ પેટર્નની જે મંજૂરી મળી છે તેમની ભરતીની પ્રક્રિયા પણ ઝડપથી હાથ ધરવામાં આવનાર છે.

આમ પુરતુ માનવબળ માર્ચ સુધીમાં ઉપલબ્ધ બનતાં જ તંત્ર દ્વારા ઝોનલ કચેરીઓને વધુ અસરકારક રીતે કાર્યરત કરવાનું આયોજન થઈ રહ્યું છે. આ ઉપરાંત ઈ-ગર્વનન્સ થકી ઝોનલ કચેરીઓમાં વેરા-વસુલીની વ્યવસ્થાનું માળખુ પણ સરળતાથી ગોઠવી શકાશે.

મળતી વિગતો પ્રમાણે તંત્રના કોમ્પ્યુટરાઈઝેશન માટે સરકારે આપેલા નાણાંનો સીધો લાભ તંત્રને મળશે અને તેને કારણે ઈ-પ્રથાના ઝડપી અમલીકરણ માટે હાલ સત્તાધીશો વધુ આશાવાદી છે.

## કાશ્મીરમાં લલકાર રેલીમાં મોદીના યુપીએ સરકાર પર આકરા પ્રહારો

### વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે જાહેર થયા બાદ જમ્મુમાં મોદીની લલકાર રેલી : ચાઈના નિતી મામલે કેન્દ્રની ટિકા : એકસમાન અધિકારની ઉગ્ર માંગ

અમદાવાદ,તા. ૧

રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણી માટે મતદાનના દિવસે મોદીએ કલમ ૩૭૦ પર ચર્ચાની જોરદાર માંગ કરી હતી. મોદીના સંબોધન પહેલા ભાજપના રાષ્ટ્રીય પ્રહારો શરૂ કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે કેન્દ્રમાં અમારી સરકાર ઉંઘમાં છે. કેન્દ્ર સરકાર ૨૦૦૪થી એવી



ગુજરાતના મુખ્યપ્રદાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ જમ્મુમાં લલકાર રેલીને સંબોધન કર્યું હતું. લલકાર રેલીમાં મોદીએ ભારે ચર્ચા જગાવનાર કલમ ૩૭૦ અંગે વાત કરી હતી અને ઉમર સરકાર પર તેજાબી પ્રહારો કર્યા હતા. પ્રમુખ રાજનાથસિંહે રેલીને સંબોદન કર્યું હતું. ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે મોદીએ પ્રથમ રેલીને સંબોધન કર્યું હતું. મોદીએ રેલીને સંબોધતા રાજ્ય સાથે જોડાયેલા મહાન લોકોને યાદ કર્યા હતા. ત્યારબાદ તેમણે કેન્દ્ર સરકાર પર ઉંઘમાં છે જે હજુ સુધી ઉંઘમાં છે. હવે આ સરકાર જાગે તેવી શક્યતા રહી નથી. કારણ કે પાકિસ્તાનમાં બે ઘટના બની હતી. પાકિસ્તાનની જેલોમાં ભારતના બે જવાનો હતા. જેમાં પંજાબના સરબજીત સિંહ અને

● અનુસંધાન પાન-૭ પર

બેંક ઓફ ઈન્ડિયા
સંબંધોની મૂડી
ગાંધીનગર ઝોન
ગાંધીનગર, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરાવલી અને કચ્છ જીલ્લાની શાખાઓના સબ સર્વિસ એરીયાના ગામો માટે બેંકસાથી (બિઝનેસ કોરસપોન્ડન્ટસ)ની જગ્યાઓ માટે સ્થાનિક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.
લાયકાતઃઓછામાં ઓછું ધો.૮ પાસ. ઉંમરઃ૧૮ વર્ષ થી વધુ
(૧)જેતે શાખાના કાર્યક્ષેત્રમાં કાર્ય કરવા ઈચ્છતા ઉમેદવારે જ અરજી કરવી
(૨)ફક્ત અરજી કરવાથી ઉમેદવારને નિમણૂંક મળી છે એમ સમજવું નહી. બેંકનો નિર્ણય અંતીમ રહેશે.
(૩)ઉમેદવારે પોતાની અરજી જેતે શાખામાં બપોરના ૩ થી ૫ વચ્ચે જમા કરાવવી
(૪)અરજી સ્વીકારવાની છેલ્લી તા.૧૧-૧૨-૨૦૧૩
(૫)આવેદનપત્ર/અન્ય માહિતી માટે નજીકની શાખાના શાખા પ્રબંધકનો સંપર્ક સાધવો.
(૬)બેંકના સેવા નિવૃત કર્મચારી પણ આવેદન કરી શકશે
વધુ માહિતી www.bankofindia.comની વેબ સાઈટ ઉપર ઉપલબ્ધ
ઝોનલ મેનેજર

LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

સ્માઈલ ડિઝાઈન
દાંતનું દવાખાનું
પ્લોટ નં. ૮૭૩, પહેલો માળ, ભાગ્યોદય ફર્નિચરની સામે, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
ડૉ. વિશાલ પટેલ એમ.ડી.એસ. (ઓર્થો) | ડૉ. મેબલ વી. પટેલ એમ.ડી.એસ. | ડૉ. કુલદીપસિંહ વાઘેલા બી.ડી.એસ.
Mo. 94288 05677, 90165 77468
શું તમારા એક અથવા વધારે દાંત/દાઢ પડી ગયા છે ?
શું તમે ઢીલા અને હલતા ચોકઠાથી પરેશાન છો ?
અમે તમારા બજેટને અનુરૂપ ઉત્તમ ઉપાય વ્યાજબી ભાવે આપીએ છીએ.
ડેન્ટલ ઈમ્પલાન્ટ્સ
પડી ગયેલા દાંત/દાઢ બેસાડવાનો શ્રેષ્ઠ ઉપાય
ડેન્ટલ ઈમ્પ્લાન્ટથી તમે કુદરતી દાંતની જેમ ચાવી શકો છો.
શું તમે મુક્ત રીતે હસી શકો છો ?
હસતી વખતે ક્યારેય મોં આગળ આડો હાથ આવી જાય છે ?
તમારી સ્માઈલ અને આત્મવિશ્વાસમાં વધારો કરો
તમે ઓર્થોડોન્ટિક (વાંકાચૂકા દાંત)ની સારવારનો લાભ લઈ શકો છો.
'મેટાલિક સ્માઈલ'થી છૂટકારો
અદ્રશ્ય ક્લિપ

Sleek THE KITCHEN SPECIALIST
Now, you can double your kitchen storage!
AN ISO 9001:2008 COMPANY
RAJDHANI HARDWARE
G - 10, Megh Malhar Complex, Sector - 11, Gandhi Nagar. Tel.: (0) 7923229033 / 9825033740